# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં:મા-૧/૨૦૨૫/ 6282 તા.23/૦૫/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

વિષય: ધોરણ-૧૦ તથા TSTના ઉમેદવારોના પરિણામ વિતરણની વ્યવસ્થા બાબત.

સંદર્ભ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/મકમ/૨૪૪, તા.૨૨/૦૫/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫, ધોરણ-૧૦ તથા TSTના ઉમેદવારોના પરિણામ વિતરણ માટે તાલુકા કક્ષાએ નીચે મુજબના વિતરણ સ્થળોએ તા. ૨૬/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાક થી ૧૧:૦૦ કલાક સુધી વિતરણ કેમ્પનું આયોજન કરેલ છે.

સદર તાલુકા કક્ષાના વિતરણ કેમ્પમાં આપની શાળાના જવાબદાર કર્મચારીએ રૂબરૂ ઓથોરીટી લેટર સાથે અચૂક ઉપસ્થિત રહી આપની શાળાને લગત તમામ સાહિત્ય સ્વીકારવાનું રહેશે.

| ક્રમ | તાલુકો/SVS | વિતરણ કેમ્પનું નામ-સરનામું |
|---|---|---|
| 1. | SVS-૧ થી ૯ | ટી. એન્ડ ટી. વી. હાઇસ્કૂલ, નાનપુરા, સુરત |
| 2. | ઓલપાડ | તળાદ હાઈસ્કૂલ, તળાદ, તા: ઓલપાડ |
| 3. | કામરેજ | ધી કે. વી. કો. ઓ. માધ્યમિક શાળા(રામકબીર), કામરેજ |
| 4. | મહુવા | જી. એચ. ભક્ત હાઇસ્કૂલ, મહુવા |
| 5. | માંડવી | ધી માંડવી હાઈસ્કૂલ, માંડવી |
| 6. | માંગરોળ | એન. ડી. દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલ, વાંકલ, તા: માંગરોળ |
| 7. | બારડોલી | જે એમ. પટેલ હાઇસ્કૂલ, બારડોલી |
| 8. | પલસાણા | સરદાર પટેલ વિદ્યાલય, એના, તા:પલસાણા |
| 9. | ઉમરપાડા | વનરાજ હાઇસ્કૂલ, ઉમરપાડા |

તેમજ તમામ વિદ્યાર્થીઓને તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ સાંજ સુધીમાં માર્કશીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આપની શાળા વિતરણ કેમ્પમાં સમયસર હાજર રહેશે નહી તો નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

નોંધ:- (૧) પરિણામ લેવા આવતી વખતે દરેક શાળાઓએ ફાયર N.O.C.નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ફાયર N.O.C. પ્રમાણપત્ર ન હોય તેવા કિસ્સામાં અરજી/રિન્યુઅલ અરજી કરેલ હોય તો એના પુરાવા સાથે લાવવાના રહેશે અને જો શાળા મકાન ૫૦૦ મીટર કરતા ઓછું બાંધકામ અને મીટર કરતા નીચું હોય તેવા કિસ્સામાં રજુ કરેલ સેલ્ફ ડીકલેરેશનની નકલ રજુ કરવાની રહેશે.

(૨) ફાયર સેફટી અંગેની મોકડ્રીલ અંગેનું અને તમામ સ્ટાફ (સંખ્યા સાથે) ને તાલીમ આપ્યાનું પ્રમાણપત્ર શાળાના લેટરહેડ પર રજુ કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત